## વીસરાયેલી ક્ષણો ઓગસ્ટ – ૨૦૧૬

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ ઓગસ્ટ | | સર્વ શિક્ષા અભિયાન મિશનના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે મહેશસિંહની નિમણૂંક કરવામાં આવી. |
| ૨ ઓગસ્ટ | | IAS ભાસ્કર ખુલ્લેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવી. |
| ૩ ઓગસ્ટ | | નેપાળના ૨૪ મા વડાપ્રધાન તરીકે માઓવાદી નેતા પ્રચંડ (પુષ્પકમલ દહાલ) ની પસંદગી કરવામાં આવી. |
| ૪ ઓગસ્ટ | | સાર્ક દેશોના ગૃહમંત્રીઓની ૭ મી બેઠક પાકિસ્તાનના ઈસ્લમાબાદ ખાતે સમાપ્ત થઈ. |
| ૫ ઓગસ્ટ | | રિલાયન્સ ફાઉન્ડેશન ગ્રુપના ફાઉન્ડર અને ચેરમેન નીતા અંબાણી ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટી (IOC) ના સભ્ય બન્યા. એશિયા ખંડમાં રાષ્ટ્રીય ઓલમ્પિક કમિટીના સભ્ય બનનાર નીતા અંબાણી પ્રથમ ભારતીય મહિલા છે. |
| ૬ ઓગસ્ટ | | બ્રાઝિલના રિયો શહેરમાં રમતોના મહાકુંભ ઓલમ્પિકના ૩૧ મા રમતોત્સવનો પ્રારંભ થયો. દર ચાર વર્ષે યોજાતા આ ઓલમ્પિકમાં ભારત તરફથી ૧૨૪ ખેલાડીઓ ૧૫ રમતોમાં ભાગ લેશે. |
| ૭ ઓગસ્ટ | | ગુજરાત રાજયના ૧૬ મા મુખ્યપ્રધાન તરીકે વિજય રૂપાણીએ શપથ ગ્રહણ કર્યા. નીતિન પટેલે નાયબ મુખ્યપ્રધાન સાથે ૮ કેબિનેટ કક્ષાના અને ૧૬ રાજયકક્ષાના પ્રધાનોએ શપથ ગ્રહણ કર્યા. |
| ૮ ઓગસ્ટ | | ભારતીય વન્યજીવોના સંરક્ષણ માટે દેશનો પહેલો વાઘ ભંડાર ગૃહ દેહરાદૂન ખાતે શરૂ કરવામાં આવ્યો. |
| ૯ ઓગસ્ટ | | દિપા કરમાકર ઓલિમ્પિકના ઈન્ડિવિડયુઅલ વોલ્ટ ઈવેન્ટમાં ફાઈનલ માટે કવોલીફાય થનાર ભારતના ઈતિહાસની સૌપ્રથમ જીમ્નાસ્ટ બની. |
| ૧૦ ઓગસ્ટ | | મણિપુરની પ્રસિદ્ધ માનવાધિકાર કાર્યકર્તા ઈરોન ચાનુ શર્મિલાએ છેલ્લા ૧૬ વર્ષથી ચાલતા પોતાના ઉપવાસ ૯ ઓગસ્ટ ૨૦૧૬ ના દિવસે પૂરા કર્યા. |
| ૧૧ ઓગસ્ટ | | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા મધ્યપ્રદેશના ભાબરા ખાતેથી '૭૦ સાલ આઝાદી, જરા યાદ કરો કુર્બાની' કાર્યક્રમની શરૂઆત કરાવી. |
| ૧૨ ઓગસ્ટ | | માતૃત્વ લાભ (સંશોધન) બીલ સંસદમાં પાસ કરવામાં આવ્યું. આ બીલ અનુસાર સંગઠિત ક્ષેત્રમાં કામ કરતી મહિલાને પોતાના બે બાળકોના જન્મ સુધી ૨૬ અઠવાડિયાની રજાઓ મળવાપાત્ર થશે. |
| ૧૩ ઓગસ્ટ | | જીએસટી બિલ વિધાનસભામાં સર્વ સંમતિથી પાસ કરાવવા વાળું અસમ દેશનું પ્રથમ રાજય બન્યું. |
| | | નેપાળની ગૌરિકા સિંહ ૧૩ વર્ષ અને ૨૫૫ દિવસની ઉંમરે રિયો ઓલિમ્પિકમાં ભાગ લેવાવાળી મહિલા બની. |
| ૧૪ ઓગસ્ટ | | પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજ ૯૫ વર્ષની ઉંમરે બ્રહ્મલીન થયા. હવે BAPS સ્વામિનારાયણ સંસ્થાના વડા તરીકે પૂજય મહંત સ્વામી કાર્યભાર સંભાળશે. |
| | | ઉત્તરપ્રદેશ સરકારે ૨૪ કલાકમાં ૫ કરોડ વૃક્ષો વાવીને રેકોર્ડ બનાવ્યો. તે બદલ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૫ ઓગસ્ટ | | ગુજરાતમાં ૭૦ મા રાજય કક્ષાના સ્વાતંત્રદિનની ઉજવણી મોરબી ખાતે કરવામાં આવી. |
| | | ભારતમાં જમ્મુ સહિત દેશમાં છ નવી આઈ આઈ ટી સ્થાપવા મો રાષ્ટ્રપતિએ મંજૂરી આપી. કેરળ, ગોવા, કર્ણાટક અને છત્તીસગઢમાં આઈ આઈ ટી અને આંધ્રપ્રદેશમાં એન આઈ ટી સ્થાપવામાં આવશે. |
| | | ગુજરાતના ૧૨ ધોરીમાર્ગો પર લેવાતો પેસેન્જર ટોલટેક્ષ ૧૫ મી ઓગસ્ટથી નાબૂદ કરવામાં આવ્યો. તેમાં અમદાવાદ મહેસાણા રોડ, વડોદરા હાલોલ રોડ, અમદાવાદ વિરમગામ માળિયા રોડ, હાલોલ ગોધરા શામળાજી રોડ, રાજકોટ જામનગર વાડીનગર રોડ, હિંમતનગર બાયપાસ રોડ, કીમ માંડવી રોડ, ભૂજ નખત્રાણા રોડ, ડીસા પાથાવાડા ગુંદરી રોડ, છાપાપુરી આર.ઓ.બી. રેલ ઓવરબ્રીજ, કપડવંજ મોડાસા રોડ અને બગોદરા બામણબોર રાષ્ટ્રીય ધોરીમાર્ગનો સમાવેશ થાય છે. |
| ૧૬ ઓગસ્ટ | | કેન્દ્રિય જળ સંસાધન વિકાસ મંત્રી ઉમા ભારતી અને કેન્દ્રિય શહેરી વિકાસ મંત્રી વૈકેયા નાયડુને હરિદ્વાર, ઋષિકેશ, મથુરા વૃંદાવન, વારાણસી, કાનપુર, અલ્હાબાદ,લખનઉ, પટના, સાહિબગંજ અને બેંરકપુરમાં 'સ્માર્ટ ગંગા શહેર' પરિયોજનાની શરૂઆત કરાવી. |
| | | ૧૯૨૮ માં હોલેન્ડના એમ્સ્ટર્ડમ ખાતે ભારતે હોકીમાં પહેલો ગોલ્ડ મેળવ્યો હતો. |
| ૧૭ ઓગસ્ટ | | મહારાષ્ટ્ર સરકાર દ્વારા 'માઝી કન્યા ભાગ્યશ્રી યોજના'ની રાજયમાં ફરીથી શરૂઆત કરવામાં આવી. |
| ૧૮ ઓગસ્ટ | | પૂર્વ કેન્દ્રિયમંત્રી નજમા હેપ્તુલાને મણિપુરના રાજયપાલ, રાજયસભાના પૂર્વસાંસદ વી.પી.સિંહ બાદનોરને પંજાબના રાજયપાલ, બનરીલાલ પુરોહિતને આસામના રાજયપાલ અને જગદીશ મુખીને આંદોમાન નિકોબારના ઉપ રાજયપાલ બનાવવામાં આવ્યા. |
| ૧૯ ઓગસ્ટ | | ભારતીય કુસ્તીબાજ સાક્ષી મલિકે રિયો ઓલિમ્પિકમાં મહિલાઓની ૫૮ કિ.ગ્રા વજન વર્ગની કુસ્તીમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો. સાક્ષી ઓલિમ્પિકમાં મેડલ જીતનારી ભારતની ચોથી મહિલા બની. |
| ૨૦ ઓગસ્ટ | | કેન્દ્રિય રેલમંત્રી સુરેશ પ્રભુ દ્વારા આમ જનતા માટે 'હમસફર', 'ઉદય', 'તેજસ' અને 'અંત્યોદય' નામની એકસપ્રેસ ટ્રેનો શરૂ કરવાની જાહેરાત કરી. |
| ૨૧ ઓગસ્ટ | | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ગર્વનર તરીકે ઉર્જિત પટેલની નિમણૂંક કરવામાં આવી. |
| | | વિશ્વનો સૌથી ઊંચો અને લાંબો કાચનો પૂલ ચીનના ઝાંગજીયાજી પાર્કમાં ખૂલ્લો મૂકવામાં આવ્યો. તે ૪૩૦ મીટર લાંબો અને ૩૦૦ મીટર ઊંચો છે. |
| ૨૨ ઓગસ્ટ | | કેન્દ્રિય રેલમંત્રી દ્વારા મુંબઈના ૮ ઉપનગરીય રેલવે સ્ટેશનો પર વાઈ ફાઈ સેવાનો શુભારંભ કરાવવામાં આવ્યો. |
| ૨૩ ઓગસ્ટ | | ન્યુ વર્લ્ડ વેલ્થ દ્વારા જાહેર કરાયેલ યાદી પ્રમાણે વિશ્વના સૌથી ધનિક દસ દેશોમાં ભારતનું સ્થાન સાતમું છે. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૪ ઓગસ્ટ | | રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને બાંગ્લાદેશના શ્રોતાઓ માટે ઓલ ઈન્ડિયા રેડિયોની ‘મૈત્રી સેવાનો કોલકાતાથી શુભારંભ કરાવ્યો. |
| ૨૫ ઓગસ્ટ | | હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર દ્વારા રાજયમાં ‘બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાક્ષી મલિકની જાહેરાત કરવામાં આવી. |
| ૨૫ ઓગસ્ટ | | હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર દ્વારા રાજયમાં ‘બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાક્ષી મલિકની જાહેરાત કરવામાં આવી. |
| ૨૬ ઓગસ્ટ | | પ્રતિષ્ઠિત પત્રિકા ફોર્બ્સ દ્વારા વિશ્વની સૌથી વધારે કમાણી કરનારી દસ અભિનેત્રીઓની યાદી જાહેર કરવામાં આવી. આ યાદીમાં ભારતીય અભિનેત્રી દિપીકા પદુકોણનો સમાવેશ થાય છે. |
| ૨૭ ઓગસ્ટ | | કેન્દ્રિય મંત્રી મેનકા ગાંધીને ‘પોકસો ઈ બોકસની શરૂઆત કરાવી. આ યોજના પ્રમાણે યૌન શોષણથી પીડિત કોઈ પણ બાળક ઓનલાઈન પોતાની ફરિયાદ કરી શકશે. |
| ૨૮ ઓગસ્ટ | | ઈસરોએ હવામાંથી ઓકિસજન લેનારા ‘સ્ક્રેમજેટ રોકેટ’નું સફળ પરીક્ષણ આંધ્રપ્રદેશમાં આવેલા શ્રીહરિકોટા ખાતેથી કર્યુ. |
| ૨૯ ઓગસ્ટ | | ગુજરાતના ખેડા જિલ્લાના ઢૂંડી ગામમાં વિશ્વની પ્રથમ સૌર ઊર્જા ઉત્પાદક મંડળીની રચના કરવામાં આવી. જેથી ગામના ખેડૂતો સૌર ઊર્જાથી ખેતી કરે છે અને વિજળી પેદા કરે છે. |
| | | કેન્દ્ર સરકારે ૧૪ મા પ્રવાસી ભારતીય દિવસનું બેંગલુરુ ખાતે આયોજિત કરવાની જાહેરાત કરી. અટલ બિહારી વાજપેયી સરકારે ૨૦૦૩ માં પ્રવાસી ભારતીય દિવસની શરૂઆત કરી હતી. |
| ૩૦ ઓગસ્ટ | | વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ‘સૌની યોજના’નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ યોજના અંતર્ગત નર્મદા નદીના પૂરના વધારાના પાણી ૧૧૨૬ કિ.મી લંબાઈની ૪ લીંક પાઈપલાઈન દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારને મળશે. |
| ૩૧ ઓગસ્ટ | | ભારત અને અમેરિકા દેશ વચ્ચે લોજિસ્ટિક એકસચેન્જને લગતા ઐતિહાસિક એમઓયુ કરવામાં આવ્યા. તેથી ભારત અને અમેરિકા એકબીજાના લશ્કરી બેઝ, એરપોર્ટ, પેટ્રોલ, સર્વિસ સ્ટેશન, સ્પેર પાર્ટ્સ અને મેડિકલ સેવાનો ઉપયોગ કરી શકશે. |
| | | આસામમાંથી જગતનું સૌથી મોટું ગેંડાનું શિંગ મળી આવ્યું. આ શિંગડાનો મૂળ પાસેનો વ્યાસ ૬૦ સે.મી. અને વજન ૩ કિલોગ્રામથી વધારે છે. અને તેની કિંમત એક કરોડ રૂપિયાથી વધારે છે. |

# વીસરાયેલી ક્ષણો સપ્ટે – ૨૦૧૬

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ સપ્ટે | | ભારતીય મૂળના અજેઈ ગોપાલને એ એન એસ વાઈ એસના સી.ઈ.ઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. |
| | | લેફ્ટનન જનરલ બિપિન રાવતને ભારતીય થલસેનાના ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. |
| | | ટી.એમ.ક્રિષ્ના અને બેઝવાડા વિલ્સનને વર્ષ ૨૦૧૬ ના રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. |
| | | કેન્દ્ર સરકારની ઉજાલા યોજના અંતર્ગત ગુજરાતે ૨ કરોડ એલ ઈ ડી બલ્બનું વિતરણ કરીને દેશનું પ્રથમ રાજય બન્યું. |
| ૨ સપ્ટે | | રેલ મંત્રાલય દ્વારા ઈ ટિકિટ પર રેલવેમાં મુસાફરી કરનારા યાત્રીઓ માટે વીમા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. રેલ દુર્ઘટના, અન્ય દુર્ઘટના, આતંકવાદી હુમલા, ગોળીબારી, લૂંટફાટ, આગ લાગવી જેવા કિસ્સામાં વીમાની સુવિધા પ્રાપ્ત થશે. |
| ૩ સપ્ટે | | વડાપ્રધાન નરેન્દ્રમોદી બે દેશના ચાર દિવસીય પ્રવાસ અંતર્ગત વિયેટનામ પહોંચ્યા. સંરક્ષણ, સુરક્ષા, આતંકવાદ મુદ્દે દ્વિપક્ષીય મંત્રણા કરવામાં આવી. |
| | | જી ૨૦ દેશોના સંમેલનનું આયોજન પહેલીવાર ચીને પોતાના દેશના હાંગઝાઉ શહેરમાં કર્યુ. |
| | | ગોલકિપર ગુરૂપ્રિતને ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન બનાવવામાં આવ્યા. |
| | | ચૂંટણીપંચે તૃણમૂલ કોંગ્રેસને રાષ્ટ્રીય પક્ષ તરીકે મંજૂરી આપતા તે દેશનો ૭ મો રાષ્ટ્રીય પક્ષ બન્યો. |
| ૪ સપ્ટે | | વડાપ્રધાન નરેન્દ્રમોદીની વિયેટનામ યાત્રા સમયે બંને દેશોએ ૨૦૧૭ના વર્ષને ‘ મિત્રતાવર્ષ’ મનાવવા માટેની જાહેરાત કરી. |
| ૫ સપ્ટે | | અમેરિકાએ અડધા ભારત જેવડો જગતનો સૌથી મોટો પાપાહાનુમોકુઆકીમરિન નેશનલ મોન્યુમેન્ટ નામનો નેશનલ પાર્ક ખૂલ્લો મૂકયો. તેનો વિસ્તાર ૧૫ લાખ, ૧૦ હજાર ચોરસ કિલોમીટર જેવડો છે. તેમાં ૨૪ વિવિધ પ્રજાતીઓ મળીને કુલ સાત હજારથી વધુ પ્રકારના દરિયાઈ સજીવો રહે છે. |
| ૬ સપ્ટે | | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૨૪ મા ગર્વનર તરીકે ઉર્જિત પટેલે ચાર્જ સંભાળ્યો. |
| ૭ સપ્ટે | | રાષ્ટ્રપતિએ જીએસટી બિલને મંજૂરી આપી. બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, હિમાચલપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, દિલ્લી, નાગાલેન્ડ, મહારાષ્ટ્ર, હરિયાણા, સિક્કિમ, મિઝોરમ, તેલંગાણા, ગોવા, ઓડિસા અને રાજસ્થાન સાથે ૧૭ રાજયોએ જીએસટી બિલને પસાર કર્યુ. |
| | | ઓસ્ટ્રેલિયાએ ટવેન્ટી ટવેન્ટી ક્રિકેટમાં શ્રીલંકા સામે રમતા ૨૬૩ રન બનાવી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. |
| | | નવી દિલ્લીમાં આયોજિત બ્રિકસ ફિલ્મ સમારોહમાં ભારતીય ફિલ્મ ‘તિથી’ને સર્વશ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર આપવામાં આવ્યો. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૮ સપ્ટે | | ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ' જાહેર કરવામાં આવ્યું તે અનુસાર હિમાચલ પ્રદેશનો મંડી જિલ્લો અને મહારાષ્ટ્રનો સિંધુ દુર્ગ જિલ્લો દેશનો સૌથી સ્વચ્છ જિલ્લા તરીકે જાહેર કરવામાં આવ્યો. |
| ૯ સપ્ટે | | ભારતે જીઓસિન્ક્રોનસ સેટેલાઈટ લોનચ વ્હિકલ (જીએસએલવી) રોકેટ દ્વારા હવામાનના અભ્યાસ માટે સીતષ ધવન સ્પેસ સેન્ટર પરથી ઈન્સેટ ૩ ડી આર સફળતાપૂર્વક લોન્ચ કર્યો. જેનું વજન ૨૨૫૧ કિલોગ્રામ છે અને તેને ૩૫૦૦૦ કિ.મી ઊંચી કક્ષામાં ગોઠવવામાં આવ્યો. |
| ૧૦ સપ્ટે | | દિલ્લી પોલિસે દેશની પ્રથમ મહિલા પોલિસ કંટ્રોલરૂમ (PCR) વાનની શરૂઆત કરાવી. આ વાનમાં સમગ્ર સ્ટાફ મહિલા પોલિસ કર્મીઓનો હશે. |
| ૧૧ સપ્ટે | | ફિલ્મ અભિનેત્રી વિદ્યાબાલનને ઉત્તરપ્રદેશ રાજયમાં 'સમાજવાદી પેન્શન યોજના' માટે બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી. |
| ૧૨ સપ્ટે | | ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલીને મધ્યપ્રદેશ રાજયના કાર્યવાહક રાજયપાલ બનાવવામાં આવ્યા. |
| ૧૩ સપ્ટે | | વિશ્વની પ્રથમ ડ્રાઈવર વગરની બસ સેવા ફ્રાન્સના લિયોન શહેર ખાતે શરૂ કરવામાં આવી. |
| ૧૪ સપ્ટે | | તારીખ ૧૦ થી ૧૧ સપ્ટે ૨૦૧૬ના રોજ બ્રિકસ સ્વાસ્થ્ય કાર્યશાલાનું આયોજન બેંગલુરુમાં કરવામાં આવ્યું. |
| ૧૫ સપ્ટે | | શ્રીલંકાના નવા વાયુસેના પ્રમુખ તરીકે એર માર્શલ કપિલાજયામપતિની નિયુકિત કરવામાં આવી. |
| | | ૧૪ સપ્ટે થી ૨૭ સપ્ટે સુધી ભારત અને અમેરિકાના સૈન્ય વચ્ચેનો યુદ્ધ અભ્યાસ ઉત્તરાખંડના ચૌબડિયા ક્ષેત્રમાં શરૂ કરવામાં આવ્યો. |
| ૧૬ સપ્ટે | | ૧૪ સપ્ટે. થી ૧૫ સપ્ટે ૨૦૧૬ દરમ્યાન મધ્ય બ્રિકસ દેશોની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની છઠ્ઠી બેઠક નવી દિલ્લી ખાતે યોજાઈ. |
| ૧૭ સપ્ટે | | વડાપ્રધાન નરેન્દ્રમોદીને પોતાનો ૬૭ મો જન્મદિવસ દિવ્યાંગ બાળકોની વચ્ચે ગણદેવી નવસારી ખાતે ઉજવ્યો. આ કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યકિતઓને સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું. |
| ૧૮ સપ્ટે | | ભારતમાં તૈયાર થયેલા હાઈટેક મિસાઈલથી સજ્જ યુદ્ધ જહાજ મોર્માગોવાને નેવીના વડા એડમિરલ સુનિલ લાંબાએ અરબસાગરમાં તરતું મૂકયું. આ યુદ્ધ જહાજ ૩૦ નોટની ઝડપે ધસી જઈ શકે છે. |
| ૧૯ સપ્ટે | | કેન્દ્ર સરકારે છત્તીસગઢના ૧૦૫ વર્ષની ઉંમર ધરાવતા કુંવરબાઈને 'સ્વચ્છ ભારત અભિયાન'ના પ્રતિક વ્યકિત તરીકે પસંદગી કરી. |
| ૨૦ સપ્ટે | | ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીને પંજાબ નેશનલ બેંકે પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો. |
| ૨૧ સપ્ટે | | ૨૧ મી સપ્ટેમ્બરનો દિવસ આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ તરીકે ઉજવાય છે. |

| | | |
|---|---|---|
| ૨૧ સપ્ટે | | સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત વડોદરા, આગ્રા, નાગપુર, નાસિક, ઉજ્જૈન, કોટા, ગ્વાલિયર, અજમેર, ઔરંગાબાદ, કાનપુર, થાણે, મદુરાઈની સાથે ૨૭ શહેરોની પસંદગી કરવામાં આવી. |
| ૨૨ સપ્ટે | | કેન્દ્ર સરકાર દ્વારા પર્યાવરણ ભવનનું નામ બદલીને પંડિત દિનદયાળ અંત્યોદય ભવન રાખવામાં આવ્યું. |
| ૨૩ સપ્ટે | | પ્રતિષ્ઠિત બિઝનેસ સામયિક ફોર્બ્સ દ્વારા જાહેર થયેલી ૧૦૦ ભારતીય ધનવાનોની યાદીમાં સતત નવમા વર્ષે પણ મુકેશ અંબાણીને પ્રથમ નંબર આપવામાં આવ્યો. |
| | | વિશ્વની ટોચની ૯૮૦ યુનિવર્સિટીઓમાં ભારતની ૩૧ યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું. |
| ૨૪ સપ્ટે | | ૮૯ મા ઓસ્કાર પુરસ્કાર ૨૦૧૭ માટે ભારતની તમિલ ભાષામાં બનેલી ફિલ્મ 'વિસરબાઈ'ને નોમિનેટ કરવામાં આવી. |
| ૨૫ સપ્ટે | | અટલ બિહારી વાજપેયી હિન્દી વિશ્વવિદ્યાલય ભોપાલ એન્જિનિયરીંગ કોર્સ હિન્દી ભાષામાં શરૂ કરનાર પ્રથમ વિશ્વ વિદ્યાલય બન્યું. |
| ૨૬ સપ્ટે | | ભારતીય વાયુ સેના દ્વારા હવાથી હવામાં માર કરી શકે તેવી મીકા મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. |
| | | ૨૬ સપ્ટેથી ૨ ઓકટો સુધી સમગ્ર દેશમાં સ્વચ્છતા સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. સ્વચ્છતા માટે અમિતાભ બચ્ચન અને સચીન તેંદુલકરને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવેલ છે. |
| ૨૭ સપ્ટે | | કેન્દ્રિય કૃષિ મંત્રાલય દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય અંત્યોદય કૃષિ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી. |
| ૨૮ સપ્ટે | | પાકિસ્તાન અને રશિયા વચ્ચે સૈન્ય અભ્યાસ દુબ્જા ૨૦૧૬ ની શરૂઆત કરવામાં આવેલ છે. |
| ૨૯ સપ્ટે | | મંત્રીમંડળ નિયુકિત સમિતિ દ્વારા કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા બલ (CISF) ના મહાનિદેશક તરીકે ઓ.પી.સિંહની નિમણૂંક કરવામાં આવી. |
| | | કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG) ના મહાનિર્દેશક તરીકે સુધીર પ્રતાપસિંહની નિમણૂંક કરવામાં આવી. |
| ૩૦ સપ્ટે | | પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (PTI) ના અધ્યક્ષ તરીકે રિયાદ મૈથ્યુની પસંદગી કરવામાં આવી. |
| | | ઈડન ગાર્ડન ક્રિકેટ સ્ટેડિયમમાં મૂકવામાં આવેલ ઘંટનું પૂર્વ ક્રિકેટર કપિલ દેવના હસ્તે વગાડીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. |
| | | ભારતે જુનિયર મેન્સ હોકી અંડર ૧૮ એશિયા કપની ફાઈનલમાં બાંગ્લાદેશને હરાવીને એશિયા કપ જીત્યો. |